# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## મેગા બિલ્ડ એક્ષ્પો– ૨૦૨૦ પ્રદર્શનમાં એક્ઝીબીટર્સને જબરજસ્ત પ્રતિસાદ, ૨૩ હજાર લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરીથી ૨ માર્ચ ૨૦૨૦ દરમિયાન ચાર દિવસ માટે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'મેગા બિલ્ડ એક્ષ્પો– ૨૦૨૦' પ્રદર્શન યોજાયુ હતુ.

આ પ્રદર્શનમાં ફર્નીચર એન્ડ સ્ટીલ સેગ્મેન્ટ, ફર્નીચર એન્ડ ફર્નીશીગ સેગ્મેન્ટ, હાર્ડવેર સેગ્મેન્ટ, સિરામીક સેગ્મેન્ટ, પેન્ટ સેગ્મેન્ટ, ઇલેક્ટ્રીકલ સેગ્મેન્ટ અને મશીન ટૂલ્સ સેગ્મેન્ટમાં ભાગ લેનારા ૧૪૫ એક્ઝીબીટર્સને લોકોનો ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડયો હતો. જેને પગલે તેઓએ આવતા વર્ષે આ વર્ષ કરતા ડબલની જગ્યામાં બુકીંગની અત્યારથી જ તૈયારી દર્શાવી હતી.

સુરત ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, વલસાડ, સેલવાસ, જામનગર, હિમ્મતનગર, મોરબી, કચ્છ, મુંબઇ, ઠાણે, હરીયાણા અને ગુડગાવથી એક્ચ્યુલ બાયર્સ તથા આર્કીટેકચર, ઇન્ટીરીયર ડિઝાઇનર અને બિલ્ડરોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. ચાર દિવસ દરમિયાન કુલ ૨૩ હજાર મુલાકાતીઓએ વિવિધ સેગ્મેન્ટમાં પ્રદર્શિત કરવામાં આવેલી નવી ડિઝાઇન અને અદ્યતન ટેકનોલોજીને નિહાળી હતી.

| | |
|---|---|
| પ્રથમ દિવસ | – ૪૦૦૦ |
| બીજો દિવસ | – ૬૦૦૦ |
| ત્રીજો દિવસ | – ૯૫૦૦ |
| ચોથો દિવસ | – ૩૫૦૦ |